Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

February 7, 2025
Pg.2

# AI અને ML ઈન્ડસ્ટ્રીમાં અવિશ્વસનીય તકો ઉભી કરી શકે છે: ડૉ.સુનિલ શુક્લા

અમદાવાદઃ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, ઈન્ફીબીમ એવન્યુ લિમિટેડ અને ફ્રોનેટિક AIએ મળીને EDII-ઈન્ફીબીમ AI એક્સલરેટર પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ ઈનોવેટિવ પ્રોગ્રામ સ્ટાર્ટઅપ્સ અને MSMEs માટે AI અને MLના વિવિધ લાભ ઉપલબ્ધ કરાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. AI-ML ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરીને સ્ટાર્ટઅપ્સ અને MSMEs માટે માર્કેટની આંતરદ્રષ્ટિ, બિઝનેસ ઓપ્ટિમાઈઝેશન અને ઈનોવેશન વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ 3 મહિના લાંબો પ્રોગ્રામ સ્ટાર્ટઅપ્સ, ચીફ ટેક્નોલોજી ઓફિસર્સ અને આંત્રપ્રિન્યોર્સને AI અને MLના પ્રોફેશનલ ઉપયોગ માટે હાર્ડકોર ટ્રેનિંગ આપશે. આ પ્રોગ્રામમાં અનુભવલક્ષી શિક્ષણ, કેસ સ્ટડી અને AI/ML સાધનો સાથે પ્રેક્ટિકલ ટ્રેનિંગ સામેલ છે. EDIIના ડિજિ ડૉ.સુનિલ શુક્લાએ જણાવ્યું કે, 'AI અને ML વિવિધ ઈન્ડસ્ટ્રીમાં અવિશ્વસનીય તકો ઉભી કરી શકે છે. આ પ્રોગ્રામ દ્વારા અમે આંત્રપ્રિન્યોર અને MSMEs માટે સ્પર્ધાત્મક લાભ અને વૃદ્ધિને વેગ આપવાના હેતુથી AI-MLને એકિકૃત કરી રહ્યા છીએ.

આ પ્રોગ્રામ EDIIના સિનિયર પ્રો. ડૉ. પિયુષ સિંહાની દેખરેખ હેઠળ અમલમાં મુકાશે. AI-ML, કોમ્પ્યુટર વિઝન આધારિત પ્રોડક્ટ અને સોલ્યુશનને ડિઝાઈન, વિકસાવવા, અમલમાં મૂકવા સહભાગીને પ્રેક્ટિકલ અનુભવ અપાશે.